Extra No. 238

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, JULY 11, 2025 / ASHADHA 20, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૨૦૨૫

વંચાણમાં લીધુ:-

- પોલીસ અધીક્ષકશ્રી,ગાંધીનગરનાઓના તા.૩૦/૦૬/૨૦૨૫ ના પત્ર ક્રમાંક એસ.ઓ.જિ./ સ્પા.જા.નામુ./૫૦૩/૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

નં.ડીસી/જાહેરનામું/વશી.૬૨૭૦ થી ૬૩૦૧/૨૦૨૫:- પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરનાઓના આમુખ-(૧)ના પત્રમાં જણાવ્યાનુસાર ગાંધીનગર જિલ્લામાં રહેણાંક તથા ઔધોગિક વિસ્તારોમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનુ સેવન તથા દેહ વ્યાપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ચલાવતા હોવાનુ જણાઈ આવેલ છે. કેટલાક અસામાજિક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહીત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોવાનુ જણાઈ આવેલ છે. તેમજ ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ છે કે અસામાજિક તત્વો આવી પ્રવૃતીને અંજામ આપતા હોય છે તેમજ સ્પા/મસાજ સેન્ટરોમાં વિદેશી મહીલાઓ મસાજની આડમાં નશીલા કેફી દ્રવ્યોનુ સેવન તથા દેહ વ્યાપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ચલાવતા હોવાનુ જણાઈ આવેલ છે. આ સ્થિતિને નિવારવી અત્યંત જરૂરી છે.

વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ તેમજ ભારતના વીવીઆઈપીશ્રીઓની મુલાકાતે આવતા જતા હોય, તેમજ અમદાવાદ તેમજ ગાંધીનગરની હોટલોમાં રોકાયેલ યુવક, યુવતિઓ અનુસંધાને અનિચ્છનીય બનાવ બનેલાનુ ધ્યાને આવેલ. આવા બનાવોની સમાજમાં ખૂબજ ખરાબ અસર પડતી દેખાયેલ હોય, તદઉપરાંત વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ અત્રેના જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સ્પા/મસાજ પાર્લરોની આડમાં ગુનાહીત કૃત્યો અટકાવવા સ્પા/મસાજ પાર્લરોના માલીકોએ નીચે જણાવ્યા મુજબ પાલન કરવુ જરૂરી છે.

<table>
<tr><th>અ.નં.</th><th>વિગત</th><th>રીમાર્કસ</th></tr>
<tr><td>૧</td><td>સ્પા/મસાજ પાર્લર, એકમનુ નામ, માલિક/સંચાલકનુ નામ તથા સરનામુ ટેલીફોન નંબર</td><td></td></tr>
<tr><td rowspan="4">૨</td><td>સ્પા/મસાજ પાર્લરમાં કામ કરતા તમામ કર્મચારીની સંપૂર્ણ વિગત (ફોટા સહીતની)</td><td rowspan="4"></td></tr>
<tr><td>(૧) જો તેઓ ભારતીય હોય તો તેના ઓળખના પુરાવા જોડવા</td></tr>
<tr><td>હાલનુ સરનામુ:-

મુળ વતનનુ સરનામુ:-</td></tr>
<tr><td>ફોન નં. (ઘર)

(ઓફીસ)

(મો.નં.)</td></tr>
<tr><td></td><td>(૨) જો તેઓ વિદેશી હોય તો
-તેમનો પાસપોર્ટની વિગત :- (પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે)
- કયા વિઝા ઉપર ભારતમાં આવેલા છે તેની વિગત :-
હાલનુ સરનામુ
ફોન નં. (ઘર)
(ઓફીસ)
(મો.નં.)
<table><tr><td>સ્પા મસાજ પાર્લર ચલાવનાર/ સંચાલકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો.</td><td>કામ કરતા કર્મચારી ઓનો પાસપોર્ટ સાઈઝનો ફોટો</td><td>પોલીસ સ્ટેશનના સહી / સીક્કા અને તારીખ</td></tr></table>સ્પા/મસાજ પાર્લર ચલાવનારની સહી કામ કરતા કર્મચારીની સહી
સાક્ષીની સહી તથા સંપૂર્ણ વિગત :-</td><td></td></tr>
<tr><td>૩</td><td>-: નિયમો:-
૧. આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે.
૨. આ વિગત સંપૂર્ણ રીતે ભરીને સ્પા/મસાજ પાર્લરો જે નામથી ચાલતા હોય તેના નામ સાથેની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.
૩. આ વિગત સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સીક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.
૪. સ્પા/મસાજ પાર્લર ચલાવનારે તેમનુ ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ રજૂ કરવાના રહેશે.
૫. ગુમાસ્તા ધારા હેઠળનુ રજિસ્ટ્રેશન કરાવવાનુ રહેશે.
૬. જિ.એસ.ટી. નંબર મેળવવાનો રહેશે.</td><td></td></tr>
</table>

રાષ્ટ્રીય હીત માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે અને જાહેર જનતાનો સહકાર ઉપરોકત હેતુસર સાચી દિશામાં મળી રહે તે સારુ પ્રવર્તમાન સંજોગો ને અનુલક્ષી જિલ્લામાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી શહેરના રહેણાંક વિસ્તારમાં તથા ઔધોગીક વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનુ સેવન તથા દેહ વ્યાપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ઉપર નિયંત્રણ લાવવા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરનાઓએ વંચાણમાં લીધેલ પત્રથી અત્રે દરખાસ્ત કરેલ છે.

સબબ, હું મેહુલ કે.દવે આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ગાંધીનગર જિલ્લાની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો અગર તો આ માટે આવા સ્પા/મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતાં કર્મચારીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફ સાથેની સંપૂર્ણ વિગત સબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવા માટે હુકમ કરૂ છું.

ઉપરોકત તમામ કાર્યવાહી સમગ્ર ગાંધીનગર જિલ્લાને લાગુ પડતા પશ્ચિમ રેલ્વે પોલીસ સ્ટેશન વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૫/૦૭/૨૦૨૫ થી તા.૦૨/૦૯/૨૦૨૫ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂ છું કે,જાહેર જનતાની જાણ સારુ સ્થાનિક વર્તમાનપત્રો મારફતે બહોળી પ્રસિદ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ, તમામ તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ પર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ પર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મૂકવાના રહેશે. આ હુકમને સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવો.

આજ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

મેહુલ કે. દવે,

જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.15 22:21:38 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar